ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૮૫ ટકા

# શ્રાવણમાં બે દિવસ અમાસનો યોગ રહેશે

## શુક્રવારે શ્રાધ્ધ અને શનિવારે સ્નાન દાનની અમાસ : આ તિથિએ કુશ ઘાસ એકઠું કરવાની પરંપરા છે







ગાંધીનગર, તા.૨૨

આ અઠવાડીયાના અંતમાં શુક્રવાર અને શનિવારે શ્રાવણ મહિનાની અમાસ છે. જેને કુશગૃહિણી અમાસ કહેવામાં આવે છે. આ તિથિએ આખું વર્ષ પૂજન કાર્ય માટે કુશ નામની ઘાસ એકઠી કરવાની પરંપરા છે. શ્રાવણ માસની અમાસ શુક્રવાર અને શનિવારના રોજ રહેશે. જયોતિષ શાસ્ત્રના જણાવ્યા અનુસાર પંચાગ ભેદ હોવાથી અનેકવાર તિથિ બે તારીખોમાં આવે છે. શુક્રવારે સવારે લગભગ ૧૧.૩૦ વાગ્યા સુધી ચૌદશ રહેશે તે પછી અમાસ શરૂ થશે. આ તિથિ શનિવારે બપોરે લગભગ એક વાગ્યા સુધી રહેશે. શુક્રવારે બપોરે શ્રાધ્ધ કર્મ કરો અને શનિવારે સવારે પવિત્ર નદીમાં સ્નાન અને પછી દાન કરી શકો છો. કુશ એક પ્રકારનું ઘાસ છે જેનો ઉપયોગ ધાર્મિક કાર્યોમાં કરવામાં આવે છે. ધ્યાન રાખો જે કુશ એકઠું કરી રહયા છે તેમાં પાન હોય, આગળનો ભાગ કપાયેલો ન હોય અને લીલો હોય આવું ઘાસ દેવતાઓના પૂજન કર્મ માટે શ્રેષ્ઠ હોય છે. કુશ ઘાસ એકઠું કરવા માટે સૂર્યોદયનો સમય શુભ માનવામાં આવે છે. ધર્મ-કર્મમાં કુશ ઘાસ દ્વારા બનાવેલું આસન જ પાથરવામાં આવે છે. કહેવાય છે કે કુશના આસન ઉપર બેસીને મંત્ર જાપ કરવાથી મંત્ર સિધ્ધ થઈ જાય છે. કુશ ઘાસનું ધાર્મિક મહત્વ છે ધર્મ-કર્મ માટે કુશથી બનેલા આસન ઉપર બેસવાનું મહત્વ છે. પૂજાપાઠ કરતી સમયે આપણી અંદર આધ્યાત્મિક ઉર્જા એકઠી થાય છે આ ઉર્જા શરીરમાંથી બહાર આવીને ધરતીમાં સમાઈ ન જાય એટલા માટે કુશના આસન ઉપર બેસીને પૂજા કરવાનો નિયમ છે. કહેવાય છે કે કુશથી બનેલા આસન ઉપર બેસીને મંત્ર જાપ કરવાથી મંત્ર જલ્દીથી સિધ્ધ થઈ જાય છે. તેના આસન ઉપર બેસીને કરવામાં આવતી પૂજા જલ્દી જ સફળ થઈ જાય છે.

### અમાસના દિવસે કરવામાં આવતા શુભ કાર્યો

અમાસના દિવસે પિતૃઓ માટે ધૂપ ધ્યાન જરૂર કરો. તેના માટે બપોરનો સમય સૌથી સારો રહે છે. બપોરના સમયગાળામાં ગાયના ગોબરથી બનેલા છાણા પ્રગટાવવા અને જયારે છાણામાંથી ધુમાડો નીકળતો બંધ થઈ જાય ત્યારે બળતા છાણા ઉપર ગોળ-ઘીથી ધૂપ આપવું જોઈએ. આ દરમિયાન પિતૃઓનું ધ્યાન કરતાં રહેવું જોઈએ. ધૂપ આપ્યા પછી હથેળીમાં જળ લેવું અને અંગુઠા તરફથી પિતૃઓને જળ અર્પણ કરો. આ ધૂપ આપવાની સામાન્ય વિધિ છે.

અમાસના દિવસે નદીઓમાં સ્નાન કરવાની પણ પરંપરા છે. જો નદીમાં સ્નાન કરી શકાય નહીં તો ઘરમાં જ બધા તીર્થ અને નદીઓનું ધ્યાન કરીને સ્નાન કરવું. પાણીમાં ગંગાજળ મિક્સ કરીને પણ સ્નાન કરી શકો છો. આવું કરવાથી પણ ઘરમાં જ તીર્થ સ્નાન સમાન પુણ્ય મળી શકે છે.

શિવલીગ ઉપર તાંબાના લોટાથી જળ ચઢાવો અને ઓમ નમઃ શિવાય મંત્રનો જાપ કરતા રહો. ભગવાનને દૂધ અર્પણ કરો. સુર્યદેવને જળ ચઢાવો.

## જન્મદિને વધામણી



દર્શના કમલેશ બેંકર
મો. ૯૯૧૩૧ ૪૩૬૦૦



દેવાંશ કલ્પેશ બાલપાંડે



સોનમ મુકેશ પરમાર



શ્રીજા ચેતન ભુવા



જયપાલસિંહ રાણા
મો. ૬૩૫૩૦ ૦૨૫૦૮



ધવલસિંહ રાઓલ ચાવડા
પ્રમુખ, ગર્વમેન્ટ કોમર્સ કોલેજ
મો. ૭૦૧૬૨૭૩૮૯૬



ગિરીશભાઈ કે.શાહ
મો. ૭૭૭૯૦ ૧૭૬૫૯

## ગાંધીનગરના કલાકારો દ્વારા જૂનાગઢ ખાતે નાટકનું મંચન



ગાંધીનગર, તા.૨૨

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકદામી પ્રાયોજિત, શ્રી હાટકેશ ભ્રાતૃમંડળ જૂનાગઢના સહયોગથી, 'ગાંધીનગર સમાચાર'નાં કોલમિસ્ટ ડો. મમતા બુચ લિખિત તથા કુંતલ નિમાવત દિગ્દર્શીત ગુજરાતના સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતું નાટક 'ગુજરાતનું ઝવેરાત-ઝવેરચંદ મેઘાણી' જૂનાગઢ ખાતે ભજવાયું. અતિથિ વિશેષ તરીકે નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ ડો. ચેતનભાઈ ત્રિવેદી, બહાઉદ્દીન આર્ટ્સ કોલેજ જૂનાગઢના આચાર્ય ડો. પી. વી. બારસીયા અને બહાઉદ્દીન સાયન્સ કોલેજ જૂનાગઢના આચાર્ય ડો. આર. પી. ભટ્ટે ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.. ડો. ચેતનભાઈ ત્રિવેદીએ તેમના પ્રાસંગિક ઉદબોધનમાં કહ્યું કે આજની પેઢીને જુના રીતરિવાજો તેમજ સાહિત્યથી માહિતગાર કરવા ખૂબ જરૂરી છે અને તે માટે આવા નાટ્ય પ્રયોગો થાય તે પ્રશંસનીય છે. આ નાટકમાં ગાંધીનગરના કલાકારો પરમ શુક્લ, ડો. મમતા બુચ, સલોની સોની, દિવ્યરાજસિંહ પરમાર, મેઘરાજ ચૌધરી, કૃપા પંડ્યા, વિશાલકુમાર ઓડ, જયનલ રાવલ, પર્વ નિમાવત તથા કુંતલ નિમાવતે અભિનયના અજવાળા પાથર્યા હતા. તદુપરાંત, જૂનાગઢના પણ છ કલાકારોએ પોતાની કલાના ઓજસ પાથર્યા હતા. નાટકનું સંગીત કુંતલ નિમાવતે તૈયાર કર્યું હતું અને તેનુ સંચાલન અર્થ સાધુ તથા લાઈટ સંચાલન દિવ્યકાંત વર્મા દ્વારા કરવામા આવ્યું હતુ તેમજ ડ્રેસીઝ ગાંધીનગરના જાણીતા 'વૃંદા ડ્રેસીઝ' દ્વારા પૂરા પાડવામાં આવેલ હતા.

## પેથાપુર સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા મહિલા પાંખની રચના



ગાંધીનગર, તા.૨૨

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, પેથાપુર શાખા દ્વારા નવી કાર્યકર સમિતિ "મહિલા પાંખ" ની રચના કરવામાં આવી. જે સમિતિમાં પ્રથમ દિવસથી બ્રહ્મ મહિલા કાર્યકરોએ સારો ઉત્સાહ બતાવી મોટી સંખામાં હાજરી આપી હતી અને શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, પેથાપુર શાખાના પ્રમુખે સૌનો આભાર વ્યક્ત કરી નવી કાર્યકર સમિતિને અભિનંદન પાઠવ્યા હતા.

## સહજાનંદ સ્કુલ ઓફ એચિવર ચિલોડા ખાતે જન્માષ્ટમીની ઉજવણી




સહજાનંદ સ્કુલ ઓફ એચિવર, ચિલોડામાં જન્માષ્ટમીની ઉજવણીનું આયોજન કરાયું હતું. જેમાં KG વિભાગના બાલુડાઓ શ્રીકૃષ્ણ અને ગોપીઓ બની શાળા પરિસરને ગોકુળ બનાવી જન્માષ્ટમીની શાળામાં ધામધૂમથી ઉજવણી કરી હતી.

## સેકટર-૨ ખાતે વરિષ્ઠ નાગરિક દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૨૨

સમગ્ર વિશ્વમાં તા.૨૧ ઓગસ્ટના દિવસે આંતરરાષ્ટ્રીય વરિષ્ઠ નાગરિક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ ગાંધીનગરના નેતૃત્વ હેઠળ જનજાગૃતિ અને સામાજિક હીતના કામો માટે સ્વૈચ્છિક અને માનદ સેવાઓ આપતા પારા લીગલ વોલ્યુન્ટીયરસ અનિલ કક્કડ અને જયરામ સોનીના સંયુકત પ્રયાસોથી સરકારી ગાર્ડન, સે-૨ ખાતે ગાંધીનગર વિશ્વ વરિષ્ઠ નાગરિક દિવસની ઉજવણી કરાઈ હતી. વરિષ્ઠ નાગરિકોના કાયદા, અમલમાં રહેલ વિવિધ સરકારી યોજનાઓ, વારસાઈ વીલ બનાવવા વગેરે વરિષ્ઠ નાગરિકોના આરોગય જતન માટે અતિ આવશ્યક સોનેરી નિયમો અને યોગાસન વગેરેની જાણકારી આપવામાં આવી હતી. પ્રશ્નોતરીના જવાબો પણ અપાયા હતા. આ કાર્યક્રમમાં કુસુમ જોષી, મનસુખલાલ કોટેચા, વિનોદ મકવાણા, નવા મહિલા પીએલવી સહિત સ્થાનિક નિવૃત સરકારી અધિકારીઓ, પ્રતિષ્ઠીત નાગરિકોએ સારો એવો સહકાર આપ્યો હતો.



ગાંધીનગર જિલ્લાની કલોલ તાલુકાની ગણપતપુરા પ્રાથમિક શાળામાં તમામ વિદ્યાર્થીઓને શ્રાવણ મહિનાના સોમવાર નિમિત્તે સરપંચ વિષ્ણુજી ઠાકોર તરફથી દરેક બાળકોને તિથિ ભોજન કરાવવામાં આવ્યું આવ્યું હતું. શાળા પરિવાર દ્વારા તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## એમ બી પટેલ પ્રાયમરી સ્કુલમાં જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી





ગાંધીનગર, તા.૨૨

એમ.બી.પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કુલમાં ધો.૧થી ૫માં જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને મટકીફોડ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શાળા તરફથી પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષકો અને સુપરવાઈઝર સંગીતાબેન પટેલે માર્ગદર્શન આપ્યું હતું તો શાળાના આચાર્યા નીરૂબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## સે. ૨૧ ગોગા મહારાજના મંદિરે ૧૧૫૧ જ્યોતની આરતી



શહેરના સેક્ટર-૨૧ શાકમાર્કેટ પાસે આવેલા ગોગા મહારાજના મંદિર ખાતે વેપારીઓ દ્વારા ૧૧૫૧ જ્યોતની આરતી કરવામાં આવી હતી. ગોગા મહારાજની આરતીમાં મોટી સંખ્યામાં વેપારીઓ હાજર રહ્યા હતા. વેપારીઓ અને નગરજનોએ ગોગા મહારાજના મંદિરે દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## સે-૨/ડી ખાતે બ્રાહ્મણ વિવાહ બાયોડેટા બુકલેટનું વિતરણ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં જુલાઈ-૨૦૨૨ની લેટેસ્ટ સમસ્ત બ્રાહ્મણ વિવાહ બાયોડેટા બુકલેટનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૨૨, ૨૩ ઓગસ્ટના રોજ આદિત્ય ઉપાધ્યાય, ભુદેવ નેટવર્ક કેન્દ્ર પ્લોટ નં.૧૩૯૮/૧, સેકટર-૨/બી, ગાંધીનગર ખાતે સવારે ૯થી સાંજે ૮ કલાક સુધી બુકલેટ વિતરણ કરવામાં આવશે. વધુ માહિતી માટે મો.૯૮૭૯૮ ૯૭૫૫૭ ઉપર સંપર્ક કરવા જણાવાયું હતું.

## ગાંધીનગર ટેકવોન્ડો એસો.દ્વારા ફિલ્મ ડાયરેકટર જગદીશ સોનીનું બહુમાન



ગાંધીનગર, તા.૨૨

સેક્ટર-૩ ખાતે યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ અને ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થા દ્વારા જન્માષ્ટમી દિન નિમિત્તે મટકી ફોડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ફિલ્મ ડિરેક્ટર જગદીશ સોની વિશેષ હાજર રહ્યા હતા સાથે દરેક વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને વિજેતા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન, યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ અને મિલાપ ટાટારિઆએ જગદીશભાઈ સોનીને આભાર વ્યક્ત કરતો પત્ર એનાયત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આગામી કાર્યક્રમોને લઈને ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.